Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 3 • Issue :03• Date : 08-05-2025 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL

### ગામતળની બહાર અથવા વાડી વિસ્તારમાં વસવાટ કરતા પરિવારોના હિતમાં રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

# ગામતળ બહાર વિવિધ હેતુ માટે વીજ જોડાણો આપવાની સર્વગ્રાહી નીતિના નિયમોમાં કરાયા ત્રણ મહત્વના ફેરફાર

**(ગાંધીનગર માહિતી બ્યુરો)**
ગાંધીનગર

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા ગામતળની બહાર વસવાટ કરતા નાગરિકોના હિતમાં ત્રણ મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યા છે. ગુજરાતના અનેક ગામડાઓમાં કેટલાક પરિવારો ગામતળની બહાર અથવા વાડી વિસ્તારમાં વસવાટ કરે છે. આવા પરિવારો ગામતળની બહાર પણ ૨૪ કલાક પૂરતી વીજળી મેળવી શકે તે માટે ગામતળ બહાર વિવિધ હેતુ માટે વીજ જોડાણો આપવાની સર્વગ્રાહી નીતિના નિયમોમાં કેટલાક મહત્વના સુધારા કરવામાં આવ્યા છે.

ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ આ નિર્ણયો અંગે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર ગામતળની બહારના કોઈપણ વિસ્તારમાં આવેલા રહેણાક હેતુના મકાનમાં નવીન સિંગલ ફેજ વીજ જોડાણ માટે ખેતીવાડી ફીડર પરથી ફકત ૦૩ કિલોવોટ (KW)ના વીજ ભારની મર્યાદામાં રહીને વીજ જોડાણ આપવામાં આવે છે. આ માટે થતા કુલ વાસ્તવિક ખર્ચ અથવા રૂ. ૦૧ લાખ, બંનેમાંથી જે ઓછી હોય તે રકમ ભરપાઈ કરવાની રહે છે.

રાજ્ય સરકાર દ્વારા કરાયેલા નવા નિર્ણય બાદ હવેથી ગામતળની બહાર વસવાટ કરતા પરિવારોને ૦૬ કિલોવોટ (KW) સુધીનું સિંગલ ફેજ વીજ જોડાણ મળી શકશે. આ વીજ જોડાણ માટે તેમણે વીજભાર આધારિત એટલે કે, દ્વઉ આધારિત ફિક્સ ચાર્જ જ ભરપાઈ કરવાનો રહેશે. રાજ્ય સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયને પરિણામે ગામતળની બહાર તેમજ વાડી વિસ્તારમાં ઘર બનાવીને રહેતા ખેડૂતોને માત્ર ફિક્સ ચાર્જ ભરપાઈ કરીને નવીન વીજ જોડાણ મળી શકશે, તેમ મંત્રી શ્રી દેસાઈએ ઉમેર્યું હતું.

ઊર્જા મંત્રીશ્રીએ આ સંદર્ભે કહ્યું હતું કે, ગામતળની બહાર આવેલા છૂટા-છવાયા મકાનોમાં વીજ જોડાણ આપવા માટે સૌપ્રથમ ખેતી વિષયક હેતુ સિવાયની રહેણાંક હેતુ માટે ઉપયોગ થતો હોય તેવી જમીન અને ખેતીવાડી વીજ જોડાણ ન ધરાવતી જમીનમાં સ્થળની ટેકનીકલ ચકાસણી કરવામાં આવશે. જેમાં ગામતળથી અંતર, હયાત ખેતીવાડી જોડાણ, વીજ લાઈન ક્રોસિંગ, સલામતી, વીજ ચોરી જેવા વિવિધ માપદંડોને ધ્યાને રાખીને લાગુ પડતી સર્કલ ઓફિસના અધિક્ષક ઈજનેરશ્રીની મંજૂરી બાદ નોન એ.જી (Non Ag) ફીડર પરથી આવા રહેણાંક હેતુ માટેના વીજ જોડાણ કોઈપણ લોડની મર્યાદા વગર આપી શકાશે. આવા ઘર વપરાશના વીજ જોડાણ માટે બંચ કેબલનો ઉપયોગ કરવામાં આવશે.

ઊર્જા મંત્રીશ્રીએ બીજા નિર્ણય અંગે જણાવ્યું હતું કે, ગામતળની બહાર આવેલી આશ્રમશાળા, આદર્શ નિવાસી શાળા, આદર્શ છાત્રાલય, રાજ્ય અથવા કેન્દ્ર સરકાર હસ્તકના યુનિટ જેવા જાહેર હેતુ માટે માંગવામાં આવતા નવા વીજ જોડાણો ઉપરાંત પોલ્ટ્રી ફાર્મ, તબેલા, નોંધાયેલા ઢોરવાડા, ઝીંગા ફાર્મ, ગૌશાળા, તમાકુની ખળી, મોબાઈલ ટાવર, મિલ્ક ચિલિંગ પ્લાન્ટ, મેંગો રાઈપનિંગ જેવી વિવિધ પ્રવૃતિઓ માટે માંગવામાં આવતા નવા વીજ જોડાણો માટેનો તમામ વાસ્તવિક ખર્ચ પ્રવર્તમાન સમયમાં લેવામાં આવે છે, તેના બદલે હવેથી આવા એકમોએ માત્ર કિલોવોટ (KW) આધારિત ફિક્સ ચાર્જ જ ભરપાઈ કરવાનો રહેશે. તદુપરાંત, ગામતળની બહાર આવેલ અનાજ દળવાની ઘંટીના વીજ જોડાણનો સમાવેશ પણ આવા એકમોમાં જ કરવામાં આવ્યો છે, જેના કારણે ગામતળની બહાર અનાજ દળવાની ઘંટીને વીજ જોડાણ મળવાથી ગામતળની બહાર વસવાટ કરતા લોકોને નજીકમાં જ અનાજ દળાવવાની સુવિધા મળશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

ત્રીજા નિર્ણય અંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અગાઉ ગામતળની બહાર નોન - ટ્રાયબલ વિસ્તારમાં ૧૫ મકાનોનું જૂથ હોય તો જ જ્યોતિગ્રામ ફીડર પરથી વીજ જોડાણ આપવામાં આવતું હતું. નવા નિર્ણયથી હવે ૧૫ ના બદલે ૧૦ મકાનોનું જૂથ હોય તો પણ જ્યોતિગ્રામ ફીડર પરથી વીજ જોડાણ આપવામાં આવશે.

### ચિનાબનું જળસ્તર માત્ર બે ફૂટ થયું

# ભારતે પાણી રોકતા પાકિસ્તાનમાં ખરીફ પાકમાં ભારે નુકસાનનો દાવો

એજન્સી દ્વારા
ઈસ્લામાબાદ

પહલગામ આતંકી હુમલા પછી પાકિસ્તાનને પાઠ ભણાવવાનો સમય આવી ગયો છે. ભારતે સિંધુ જળસંધિને પહેલાથી જ સ્થગિત કરી દીધી છે અને હવે ચિનાબ નદી પરના બગલીહાર અને સલાલ બંધના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા છે. જોના કારણે પાકિસ્તાન તરફ વહેતું ચિનાબ નદીનું પાણી સંપૂર્ણપણે બંધ થઈ ગયું છે અને પડોશી દેશ ખરીફ પાકમાં ભારે નુકસાન થઈ શકે છે.

છેલ્લા કેટલાક દિવસોમાં સતત વરસાદને કારણે પહાડોમાં ઘણું પાણી જમા થઈ ગયું છે. આ દરમિયાન સાલાર ડેમના ઘણા દરવાજા ખોલવામાં આવ્યા હતા, પરંતુ હવે સરકારે પાકિસ્તોન તરફ વહેતું પાણી સંપૂર્ણપણે બંધ કરી દીધું છે.

આ ઉપરાંત રામબનમાં બગલીહાર ડેમના દરવાજા બંધ થયા પછી, ચિનાબ નદીનો પ્રવાહ ઘણો ઓછો થઈ ગયો છે.ચિનાબ નદીના પાણીમાં ઘટાડો થવાથી પાકિસ્તાનની ખેતી અને પર્યાવરણ બંને પર પ્રતિકૂળ અસર પડી શકે છે. સ્થાનિકોના મતે નદીનું પાણીનું સ્તર જે પહેલા ૨૫-૩૦ ફૂટ સુધી પહોંચતું હતું, તે હવે માંડ ૨ ફૂટ પાણી સાથે વહી રહ્યું છે. હવે પાણી ઓસરી ગયા છે.

ભારતમાંથી પાકિસ્તાનમાં પ્રવેશતી ચિનાબ અને અન્ય નદીઓનું પાણી રોકવામાં આવી રહ્યું છે. આ પછી ઈસ્લામાબાદની સિંધુ નદી પ્રણાલી સત્તામંડળ **(IRSA)** સલાહકાર સમિતિએ આ અંગે ચિંતા વ્યક્ત કરી છે. **IRSA** કહે છે કે, આનાથી પાકિસ્તાનમાં ખરીફ સિઝનની શરૂઆતમાં ૨૧ ટકા પાણીની અછત સર્જાઈ શકે છે, જેના કારણે પાકને ભારે નુકસાન થઈ શકે છે.

### પાકિસ્તાનના રક્ષા મંત્રીને સતાવ્યો ડર

# LoC પાસે ક્યારેક પણ હુમલો કરી શકે છે ભારત

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફને ભારતના હુમલાનો ડર છે. તેમણે કહ્યું કે ભારત કાશ્મીરમાં નિયંત્રણ રેખા (ન્ર્ઞ) નજીક ગમે ત્યારે લશ્કરી હુમલો કરી શકે છે. આસિફનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે પહેલગામ આતંકવાદી હુમલા પછી બે પરમાણુ સશસ્ત્ર દેશો વચ્ચે તણાવ ચરમસીમાએ છે. આસિફે સોમવારે ઈસ્લામાબાદમાં પત્રકારોને જણાવ્યું હતું કે, ''એવા અહેવાલો છે કે ભારત નિયંત્રણ રેખા નજીક કોઈપણ જગ્યાએ હુમલો કરી શકે છે.'' નવી દિલ્હીને યોગ્ય જવાબ આપવામાં આવશે. તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર રાજકીય લાભ માટે આ પ્રદેશને પરમાણુ યુદ્ધની અણી પર ધકેલી દેવાનો આરોપ લગાવ્યો.ખ્વાજા આસિફે આરોપનો પુનરોચ્ચાર કર્યો કે નવી દિલ્હી ખૈબર પખ્તુનખ્વા અને બલુચિસ્તાનમાં આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ છે. તેમણે દાવો કર્યો હતો કે, 'અમે ૨૦૧૬ અને ૨૦૧૭માં સંયુક્ત રાષ્ટ્રને પુરાવા આપ્યા હતા, જેમાં ભારતના આતંકવાદને ભંડોળ પૂરું પાડવાના વીડિયોનો પણ સમાવેશ થાય છે.' આસિફે દાવો કર્યો હતો કે બંને પ્રાંતોમાં તાજેતરમાં થયેલી આતંકવાદી ઘટનાઓ અફઘાનિસ્તાનથી કાર્યરત સંગઠનો દ્વારા અંજામ આપવામાં આવી હતી અને તેમને કથિત રીતે ભારત તરફથી સમર્થન મળ્યું હતું.

## તંત્રીની કલમે..................

# યુક્રેન-અમેરિકા વચ્ચે ખનિજ સમજૂતી

ફેબ્રુઆરીના અંતમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સ્કી વચ્ચે ઓવલ ઓફિસમાં થયેલ નાટકીય ટકરાવ બાદ, જેણે અમેરિકા-યુક્રેનના રાજદ્વારી સંબંધોને લગભગ ખતરામાં મૂકી દીધા હતા, બંને પક્ષો દ્વારા આખરે બુધવારે વોશિંગ્ટનમાં ઐતિહાસિક ખનિજ સમજૂતી પર હસ્તાક્ષર કરવા આ દેશોના હિતોની દૃષ્ટિએ મહત્ત્વનું છે, પરંતુ તેની પાછળ છૂપાયેલા ભૂરાજકીય સંકેત પણ એટલા જ ધ્યાન આપવા યોગ્ય છે. ઉલ્લેખનીય છે કે ફેબ્રુઆરીમાં જ રશિયાના રાષ્ટ્રપતિ પુતિને પણ અમેરિકા સાથે દુર્લભ ખનિજો પર સમજૂતીનો પ્રસ્તાવ મૂક્યો હતો, ત્યારે અમેરિકાએ પણ એના પર સકારાત્મક પ્રતિક્રિયા આપી હતી. પ રંતુ હાલમાં જ ટ્રમ્પે પોતાનું વલણ બદલતાં કહ્યું કે તેમને લાગે છે કે પુતિન શાંતિ વાર્તા પ્રત્યે પોતાના દૃષ્ટિકોણમાં ઈમાનદાર નથી.

જોકે ટ્રમ્પ ઝેલેન્સ્કી પર પણ તાનાશાહ હોવાનો આરોપ લગાવી ચૂક્યા છે, પરંતુ આ સમજૂતી તેમના કીવ પર નરમ પડતા વલણનો સંકેત માની શકાય છે. ઉલ્લેખનીય છે કે યુક્રેન એક ખનિજ સમૃદ્ધ દેશ છે, જ્યાં અમેરિકી ભૂ-વૈજ્ઞાનિક સર્વેક્ષણ દ્વારા મહત્ત્વપૂર્ણ શ્રેણીમાં વર્ગીકૃત ૫૦માંથી ૨૨ ખનિજોના ભંડાર છે. તેમાં એ દુર્લભ ખનિજ પણ સામેલ છે, જે ઈલેક્ટ્રોનિક્સ, સ્વચ્છ ઊર્જા ટેકનિકો અને કેટલીક હથિયાર પ્રણાલીઓના ઉત્પાદન માટે મહત્ત્વપૂર્ણ છે. હાલમાં ચીન મહત્ત્વપૂર્ણ ખનિજોના વૈશ્વિક પૂરવઠા શૃંખલા પર હાવી છે, જે દુર્લભ ખનિજોના ઉત્પાદન અને શોધનના ૫૦ થી ૭૫ ટકા હિસ્સા પર નિયંત્રણ ધરાવે છે. આ ખનિજો માટે અમેરિકા ચીન પર નિર્ભર છે અને એટલે જ દુર્લભ ખનિજોના પૂરવઠામાં અમેરિકા પોતાનો હિસ્સો વધારવા અને ચીન પર નિર્ભરતા ઓછી કરવા માગે છે. સમજૂતી અંતર્ગત અમેરિકા-યુક્રેન પુનર્નિર્માણ નિવેશ કોષની સ્થાપનાની પરિકલ્પના કરવામાં આવી છે, જે બાબતે ટ્રમ્પ પ્રશાસને કહ્યું છે કે આ કોષ યુદ્ધની શરૂઆતથી અત્યાર સુધી યુક્રેનને આપવામાં આવેલી સહાયતાની ચૂકવણી કરશે.

ખાસ વાત એ છે કે યુક્રેનને ભવિષ્યમાં અપાનારી કોઈપણ અમેરિકી સૈન્ય સહાયતા સંયુક્ત કોષમાં અમેરિકાના યોગદાનમાં ગણવામાં આવશે. જોકે સમજૂતીના તાત્કાલિક પ્રભાવને બહુ વધારી-ચડાવીને ન જોઈ શકાય, કારણ કે યુક્રેનમાં ખનિજ ખાણોને વ્યાવસાયિક રૂપે સંચાલિત કરવા માટે મોટા રોકાણ અને સમયની જરૂર પડશે, જે યુદ્ધની વચ્ચે પડકારજનક રહેશે. બીજી તરફ, રશિયા તેને પોતાના માટે ખતરા તરીકે જોઈ શકે છે, અને આ કારણે યુક્રેન પર પોતાના સૈન્ય હુમલા વધારી શકે છે. એ જોવું મહત્ત્વપૂર્ણ રહેશે કે આ સમજૂતી યુદ્ધ અને ક્ષેત્રીય સ્થિરતા પર શી અસર કરે છે. જોકે, તેનાથી યુદ્ધ પ્રભાવિત યુક્રેનને રાહત તો મળી જ છે.

### નવી દિલ્હી ખાતે સહકારી આર્થિક માળખા પર રાષ્ટ્રીય રાઉન્ડ ટેબલ બેઠકનું આયોજન

# ગ્રામીણ વિકાસ, સામાજિક સમાનતા અને સમાવિષ્ટી નીતિઓ પર નવીન પહેલ પ્રશંસનીય છે : દિલીપ સંઘાણી







નવી દિલ્હી

**ICAR**-રાષ્ટ્રીય કૃષિ અર્થશાસ્ત્ર અને નીતિ સંશોધન સંસ્થાન, નવી દિલ્હી ખાતે ‘‘સહકારી વસ્તુ અને આર્થિક ક્ષેત્રો દ્વારા સહકારી આર્થિક માળખું’’ વિષયક એક ઉચ્ચ સ્તરીય રાષ્ટ્રીય રાઉન્ડ ટેબલ બેઠક યોજવામાં આવી. બેઠકની શરૂઆત પેહલગામમાં તાજેતરમાં થયેલા આતંકી હુમલામાં મોતને ભેટેલા નાગરિકોને શ્રદ્ધાંજલિ અને આત્માને શાંતિ મળે તે માટેની પ્રાર્થના સાથે કરવામાં આવી.

દિલીપ સંઘાણીએ આ વાત પર ભાર મૂક્યો કે કોઈપણ ક્ષેત્રની સફળતા અને સમૃદ્ધિ માટે ઉત્પાદન, ઉત્પાદનક્ષમતા, ગુણવત્તા અને માર્કેટિંગની મજબૂત વ્યવસ્થા અતિઆવશ્યક છે. આ માટે સંબંધિત ક્ષેત્રોમાં સહકાર, તાલીમ અને યોજનાઓના સ્વરૂપે મજબૂત વ્યવસ્થાઓ ઊભી કરવી જરૂરી છે જેથી દેશના સર્વાંગી વિકાસને વેગ મળે.

*આ પ્રસંગે ત્રણ પ્રતિષ્ઠિત વ્યક્તિઓને વિશિષ્ટ સન્માન આપવામાં આવ્યા:*

★પ્રોફેસર ડૉ. મલ્લિકા કુમારને "રોમાશા પુરસ્કાર ૨૦૨૫"થી નવાજવામાં આવ્યા. આ સન્માન તેમને સહકારી શિક્ષણમાં તેમના ઊંડા યોગદાન અને સમતામૂલક તથા જ્ઞાનપ્રેરિત સમાજના નિર્માણ પ્રત્યે તેમની સતત પ્રતિબદ્ધતા બદલ આપવામાં આવ્યું.

★સુશ્રી કામના ઝાને "લક્ષ્મી સહગલ ગ્લોબલ એવોર્ડ ૨૦૨૫"થી સન્માનિત કરવામાં આવ્યા. તેમણે નવીન અને સમાવિષ્ટી નીતિઓ દ્વારા ગ્રામ્ય વિકાસને નવું સ્વરૂપ આપ્યું છે. તેમના નેતૃત્વ હેઠળ ‘‘રિવર્સ માઈગ્રેશન’’ પહેલે ગ્રામ્ય જીવનને પુનર્જીવિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

★ડૉ. ઉમાકાંત દાસને "**LVS** પબ્લિક પોલિસી ૨૦૨૫ લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ’’ થી નવાજવામાં આવ્યા. જાહેર નીતિ, સામાજિક સમાનતા અને ગ્રામ્ય વિકાસ પ્રત્યે તેમના આયુષ્યભરના સમર્પણને આ એવોર્ડ દ્વારા માન્યતા આપવામાં આવી.

આ બેઠકમાં દેશભરના નિષ્ણાતો અને નીતિ-નિર્માતાઓએ ભાગ લીધો. **ICAR**ના નિદેશક ડૉ. પી. એસ. બિર્થીલ, ઈફકોના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. યુ. એસ. અવસ્થિ, નિદેશક શ્રી પ્રહલાદસિંહ, શ્રી જગદીપસિંહ નકઈ, નીતિ આયોગના શ્રી કમલ ત્રિપાઠી, માર્કેટિંગ ડિરેક્ટર શ્રી યોગેન્દ્રકુમાર, **MSP** કમિટીના શ્રી વિનોદ આનંદ, **IRMA**ના નિદેશક ડૉ. ઉમાકાંત દાસ અને પ્રોફેસર ડૉ. મલ્લિકા કુમાર સહિત અનેક વિશિષ્ટ મહેમાનો હાજર રહ્યા.

# પાકિસ્તાને ફરી એકવાર સાયબર હુમલો કરવાનો પ્રયાસ કર્યો, સંરક્ષણ સંસ્થાઓને નિશાન બનાવવાનો દાવો કર્યો

એજન્સી દ્વારા

નવીદિલ્હી

દક્ષિણ કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો છે. દરમિયાન, પાકિસ્તાન સાયબર હુમલાઓ દ્વારા ભારતીય સંસ્થાઓને નિશાન બનાવવાનું ચાલુ રાખે છે. આવી જ એક ઘટનામાં, સોમવારે, ’પાકિસ્તાન સાયબર ફોર્સ’ નામના એકાઉન્ટે દાવો કર્યો હતો કે તેણે ભારતીય લશ્કરી એન્જિનિયરિંગ સેવા અને મનોહર પારિકર ઈન્સ્ટિટ્યૂટ ફોર ડિફેન્સ સ્ટડીઝ એન્ડ એનાલિસિસ સંબંધિત સંવેદનશીલ ડેટા ચોરી લીધો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, એવો દાવો કરવામાં આવ્યો છે કે હેકર્સે સંરક્ષણ કર્મચારીઓની વ્યક્તિગત માહિતી અને લોગિન વિગતો મેળવી લીધી છે. આ ઉપરાંત, આ જૂથે સંરક્ષણ મંત્રાલય હેઠળ કામ કરતી સરકારી કંપની આર્મર્ડ વ્હીકલ કોર્પોરેશન લિમિટેડની સત્તાવાર વેબસાઈટ હેક કરવાનો પ્રયાસ કર્યો હતો. વેબસાઈટ પર પાકિસ્તાનના ધ્વજ અને ’અલ ખાલિદ’ ટેન્કનો ફોટો દર્શાવવામાં આવ્યો હતો.

સૂત્રોએ જણાવ્યું હતું કે સુરક્ષા કારણોસર, વેબસાઈટને અસ્થાયી રૂપે બંધ કરવામાં આવી છે જેથી વેબસાઈટનું સંપૂર્ણ નિરીક્ષણ કરી શકાય અને નુકસાનનું પ્રમાણ જાણી શકાય. દરમિયાન, સાયબર સુરક્ષા એજન્સીઓ અને નિષ્ણાતો સતત ઈન્ટરનેટ પર નજર રાખી રહ્યા છે જેથી પાકિસ્તાન સાથે જોડાયેલા અન્ય કોઈપણ સંભવિત હુમલાને શોધી શકાય અને સમયસર તેનો સામનો કરી શકાય. આ ઘટના બાદ, સરકાર અને એજન્સીઓ આવા હુમલાઓને રોકવા અને દેશના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સલામતી સુનિશ્ચિત કરવા માટે સાયબર સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે કામ કરી રહી છે.

પહેલગામ આતંકવાદી હુમલામાં ૨૬ લોકો નિર્દયતાથી માર્યા ગયા હતા. જેમાં મોટાભાગના પ્રવાસીઓનો સમાવેશ થતો હતો. આ પછી, ભારતે પાકિસ્તાન સામે ઘણા વ્યૂહાત્મક પગલાં લીધાં. આમાં પાકિસ્તાની નાગરિકો માટે સાર્ક વિઝા મુક્તિ રદ કરવી, સિંધુ જળ સંધિ સસ્પેન્ડ કરવી, ટપાલ સેવાઓની તમામ શ્રેણીઓ પર પ્રતિબંધનો સમાવેશ થાય છે.

દરમિયાન પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે પાકિસ્તાન વિરુદ્ધ રાજદ્વારી કાર્યવાહી વધુ તીવ્ર બનાવી દીધી છે. પહેલા, ભારતે પાડોશી દેશને નિશાન બનાવવા માટે ’વોટર સ્ટ્રાઈક’ કરી. ચિનાબનું પાણી રોકી દીધું. હવે કેન્દ્ર સરકારે એશિયન ડેવલપમેન્ટ બેંક (છઢ્ઢમ) ને પાકિસ્તાનને આપવામાં આવતી નાણાકીય સહાય બંધ કરવાની અપીલ કરી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે તાજેતરમાં છઢ્ઢમ્ના વડા મસાટો કાંડા સાથેની મુલાકાતમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, નિર્મલા સીતારમણે આ મુદ્દા પર ઈટાલીના નાણામંત્રી સાથે ચર્ચા કરી છે. આ ઉપરાંત, પાકિસ્તાનને અલગ પાડવા માટે ઘણા અન્ય યુરોપિયન દેશો સાથે વાતચીત ચાલી રહી છે. ભારત પાડોશી દેશ પાકિસ્તાનને ચારે બાજુથી ઘેરી લેવા માટે સતત વ્યૂહાત્મક તૈયારીઓમાં વ્યસ્ત છે. આ જ કારણ છે કે નરેન્દ્ર મોદી સરકાર પાકિસ્તાનને ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ એટલે કે એફએટીએફની ગ્રે લિસ્ટમાં સામેલ કરાવવાનો આગ્રહ રાખી રહી છે. આ પ્રયાસ દિલ્હીથી સતત કરવામાં આવી રહ્યો છે. આ સાથે, ભારત સરકાર તરફથી ઈસ્લામાબાદને મળતા બહુપક્ષીય ભંડોળની સમીક્ષા કરવાની પણ માંગ કરવામાં આવી રહી છે.

### ડિપોર્ટેશન ખર્ચ ઘટાડવા મોટો નિર્ણય

# સ્વેચ્છાએ સ્વદેશ ફરનારાઓને ટ્રમ્પ આપશે ૧૦૦૦ ડોલર અને પ્રવાસ ભથ્થુ

એજન્સી દ્વારા

વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્વેચ્છાએ અમેરિકા છોડનારા ગેરકાયદે પ્રવાસીઓને ૧૦૦૦ ડોલર તેમજ થતો મુસાફરી ખર્ચમાં સહાય આપશે. અમેરિકામાં રહેતાં ગેરકાયદે પ્રવાસીઓ સ્વેચ્છાએ સામૂહિક ધોરણે પોતાના વતન સરળતાથી પહોંચી શકે તે હેતુ સાથે ટ્રમ્પે આ નિર્ણય લીધો હોવાનું જણાવ્યું છે. હોમલેન્ડ સિક્યોરિટી ડિપાર્ટમેન્ટે આ અંગે માહિતી આપી હતી કે, DHSએ ગેરકાયદે રહેતા વિદેશીઓને સીબીપી એપ મારફત પોતાના વતન પરત મોકલવા માટે નાણાકીય અને મુસાફરી સહાયતા પ્રદાન કરવાની એક ઐતિહાસિક તક જાહેર કરી છે. કોઈપણ ગેરકાયદે વસવાટ કરતો પ્રવાસી સ્વેચ્છાએ જ સીબીપી હોમ એપનો ઉપયોગ કરી પોતાના વતન જવાની તૈયારી દર્શાવે છે તો, તેને ૧૦૦૦ ડોલરનું સ્ટાઈપેન્ડ (વળતર) મળશે. જેની ચૂકવણી તેના સ્વદેશ પહોંચ્યાની ખાતરી થયા બાદ થશે.

મીડિયા રિપોર્ટ અનુસાર, આ વળતરનો ખર્ચ થતો હોવા છતાં અમેરિકાની સરકાર દ્વારા હાથ ધરાયેલી ડિપોર્ટેશનની કવાયતના ખર્ચમાં ૭૦ ટકા સુધીનો ઘટાડો થશે. હાલ અમેરિકાની સરકારને એક ગેરકાયદે રહેતાં પ્રવાસીની ધરપકડ, અટકાયત તથા તેને ડિપોર્ટ કરવાનો ખર્ચ ૧૭૧૨૧ ડોલર છે. એપની મદદથી સ્વેચ્છાએ લોકો પરત ફરવા પર સરકાર ૧૦૦૦ ડોલર તેમજ ટિકિટ ખર્ચ ચૂકવશે. જે તેના ડિપોર્ટેશન ખર્ચ કરતાં અનેકગણો ઓછો છે. હોમલેન્ડ સિક્યોરિટીના સચિવ ક્રિસ્ટી નોએમે જણાવ્યું હતું કે, જો તમે ગેરકાયદે અમેરિકામાં વસવાટ કરી રહ્યા છો, તો આ ધરપકડથી બચવા અને અમેરિકા છોડવા માટેની સર્વોત્તમ તક છે. જેમાં સૌથી સુરક્ષિત અને સારી રીતે તમે અમેરિકા છોડી શકો છો.

ટ્રમ્પે રાષ્ટ્રપ્રમુખનું પદ સંભાળ્યા બાદથી અમેરિકા ફર્સ્ટ નીતિ પર જોરશોરથી કામ શરૂ કર્યા છે. જેમાં તેમણે ગેરકાયદે વસતાં વિદેશીઓને હાંકી કાઢવાની મોટાપાયે કવાયત હાથ ધરી છે. અને તેમાં સફળ રહ્યા હોવાનો દાવો તેમણે પોતે જ મિશિગનમાં યોજાયેલી એક રેલીમાં કર્યો હતો. એક રિપોર્ટમાં જણાવાયું હતું કે, એક ક્ષેત્ર જ્યાં સરકાર પોતાના વર્તમાન લક્ષ્યો પૂરા કરવામાં નિષ્ફળ રહી હોય, ત્યાં ડિપોર્ટેશનનું પ્રમાણ વધુ હોય છે. લોકોને ટ્રમ્પનો આ દ્રષ્ટિકોણ પસંદ આવ્યો નથી. તેમને લાગી રહ્યું છે કે, તેઓ કોઈપણ યોગ્ય કાર્યવાહી વિના લોકોને ડિપોર્ટ કરી રહ્યા છે.

### ૧૫ વર્ષની દોસ્તી પર ભારે પડ્યો ૬ વર્ષનો પ્રેમ

# લગ્નના ૧૨ દિવસમાં જ દુલ્હન પ્રેમી સાથે ભાગી ગઈ

બાગેશ્વર

હિન્દુ ધર્મમાં વિવાહને સાત જન્મોનો સંબંધ માનવામાં આવે છે. પણ બદલાતા સમયની સાથે સંબંધો કાચા પડી રહ્યા છે. બાગેશ્વરમાં એક યુવકે પોતાની જ વિસ્તારની એક યુવતી સાથે લગ્ન કર્યા હતા. પણ લગ્નના ૧૨ દિવસમાં જ તે પતિને છોડીને પ્રેમી સાથે ભાગી ગઈ. ત્યારબાદ પતિ અને પરિવારના લોકો ટેન્શનમાં આવી ગયા. તેમણે નવી દુલ્હનને શોધવાની ઘણી કોશિશ કરી, પણ તે ક્યાંય હાથમાં આવી નહીં. ત્યારબાદ નિરાશ થઈને પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા.બાગેશ્વર કોતવાલીમાં મીડિયા સાથે વાત કરતા યુવકના પરિવારે જણાવ્યું કે, યુવતી પોતાની સાથે ઘરેણાં પણ લઈ ગઈ છે. પ્રાપ્ત જાણકારી અનુસાર, કપકોટ વિસ્તારના યુવકના લગ્ન ૧૮ એપ્રિલના રોજ જિલ્લાની એક યુવતી સાથે થયા હતા. પરિવારે ધૂમધામથી લગ્ન કર્યા હતા. નવાઈની વાત એ છે કે, આ બંને ૧૫ વર્ષથી એકબીજાને પસંદ કરતા હતા. દુલ્હને લગ્નના દિવસે રાજીખુશીથી ડાન્સ પણ કર્યો હતો. પણ આશિક પાસે ગયા બાદ તે સાસરિયે પાછી આવવાનું નામ નથી લેતી. એસઓ કપકોટ ખુશવંત સિંહે જણાવ્યું કે, આ મામલામાં વરના પરિવાર તરફથી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવામાં આવી છે. વિવાહિતાને શોધવાનું કામ ચાલુ છે. તેની સાથે સંપર્ક કરવાની કોશિશ થઈ રહી છે. ફરિયાદમાં જણાવ્યું છે કે, દુલ્હન પિયરમાં ગઈ હતી. દોસ્તોને પાર્ટી કરાવવાના બહાને તે સાસરિયામાંથી બાગેશ્વર બજાર થઈ ગઈ હતી. મોડી સાંજ સુધી દુલ્હન ઘર પરત ન આવતા, પતિએ તેને ફોન કર્યો. જો હવામાન ખરાબ હોવાના કારણે બજારની બાજુમાં મામાનું ઘર છે, ત્યાં રોકાઈ હોવાની વાત કહી.બે મેની સવારે પતિએ જ્યારે ફરી વાર ફોન કર્યો તો વિવાહિતાનો ફોન બંધ હતો. શંકા જતાં પતિ તેના મામાના ઘરે ગયો. ત્યાં કોઈ અત્તોપત્તો લાગ્યો નહીં. ત્યાં જતાં જાણવા મળ્યું કે તે અહીં આવી જ નથી. બીજા દિવસે દુલ્હને જણાવ્યું કે, તે પિથોરાગઢના રહેવાસી પોતાના પ્રેમી સાથે છે. જેની સાથે તેને ૬ વર્ષથી સંબંધ છે. તેણે કહ્યું કે, તે તેની સાથે રહેવા માગે છે અને પતિને ભૂલી જવા કહ્યું.બાદમાં પરિવારે કપકોટ પોલીસ સ્ટેશનમાં યુવતીને શોધી લાવવા માટે આવેદન આપ્યું. પરિવારે ડીએમ પાસે પણ મદદ માંગી છે. કેમ કે નવી દુલ્હન પોતાની સાથે સોનાના ઘરેણાં પણ લઈ ગઈ છે.

# ભારતીય સેનામાં સામેલ થશે અત્યાધુનિક યુદ્ધ જહાજ INS તમાલ

એજન્સી દ્વારા

નવી દિલ્હી

પહલગામ હુમલા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે, ત્યારે ભારતીય સેનામાં અત્યાધુનિક યુદ્ધ જહાજ 'INS તમાલ' સામેલ કરવાની તૈયારી શરૂ કરી દેવાઈ છે.

ભારત સરકાર સેનાનો કાફલો વધારવાનો સતત પ્રયાસો કરી રહ્યું છે, ત્યારે સૂત્રોના જણાવ્યા અનુસાર રશિયાના યાનાતર શિપયાર્ડમાં બનેલું યુદ્ધ જહાજ આઈએનએસ તમાલ ભારતને ૨૮ મેના રોજ સોંપવામાં આવશે.વર્ષ ૨૦૧૬માં ભારત-રશિયા વચ્ચે કુલ ચાર યુદ્ધ જહાજો બનાવવા માટે સમજૂતી થઈ હતી, તે મુજબ રશિયામાં બે અને ભારતમાં બે એમ કુલ આવા ચાર યુદ્ધ જહાજો બનાવવાનો કરાર કરાયો હતો. આ ચારેય યુદ્ધ જહાજો સેનામાં સામેલ કરાશે. આઈએનએસ તમાલને જૂન-૨૦૨૫માં ભારતીય નૌસેનામાં ઔપચારિક સામેલ કરાશે. આ યુદ્ધ જહાજથી ભારતીય સેનાની દરિયામાં વધુ તાકાત વધશે.

આઈએનએસ તમાલમાં અત્યાધુનિક ગાઈડેડ મિસાઈલ સ્ટીલ્થ ફ્રિગેટ છે, જે આકાશ, પાણી અને સપાટી પર એક સાથે હુમલો કરવામાં સક્ષમ છે. આ જહાજ બ્રહ્મોસ એન્ટી-શિપ મિસાઈલથી સજ્જ છે તેમજ એડવાન્સ સેન્સર તેમજ હથિયાર સિસ્ટમો સામેલ છે. એટલે કે આઈએનએસ તમાલથી સુપરસોનિક મિસાઈલ ઝીંકી શકાય છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, જહાજ પર મલ્ટી-રોલ હેલિકોપ્ટર પણ સરળતાથી ઉતરી શકે છે. ભારત હવે પોતાના યુદ્ધજહાજોને સ્વદેશી રીતે ડિઝાઈન અને નિર્માણ કરવા પર ધ્યાન આપી રહ્યું હોવાથી, INS તમાલ ભારતનું અંતિમ આયાત કરેલ યુદ્ધ જહાજ માનવામાં આવે છે. વર્ષ ૨૦૧૬માં ભારત-રશિયા વચ્ચે 'ચાર સ્ટીલ્થ ફ્રિગેટ નિર્માણ' પર સમજૂતી કરવામાં આવી હતી. કરાર મુજબ રશિયામાં બે અને ભારતમાં બે યુદ્ધ જહાજો બનાવાયા છે. ચાર યુદ્ધ જહાજોમાંથી આઈએનએસ તમાલ બીજું યુદ્ધ જહાજ છે, જે રશિયામાં બનેલું છે.

# પૂંછ સેક્ટરમાં નિયંત્રણ રેખા પરથી એક પાકિસ્તાની નાગરિકની ધરપકડ

એજન્સી દ્વારા

જમ્મુ

જમ્મુ અને કાશ્મીરના પૂંછ સેક્ટરમાં નિયંત્રણ રેખા પાસેથી એક પાકિસ્તાની નાગરિક પકડાયો છે. વધુ તપાસ ચાલુ છે. આ માહિતી એક સૈન્ય અધિકારીને ટાંકીને સામે આવી છે.

આ પાકિસ્તાની નાગરિક એવા સમયે પકડાયો છે જ્યારે પાકિસ્તાન જમ્મુ અને કાશ્મીરમાં નિયંત્રણ રેખા પર પોતાની નાપાક પ્રવૃત્તિઓ બંધ કરી રહ્યું નથી. ગઈકાલે રાત્રે પાકિસ્તાને નિયંત્રણ રેખા પારની ચોકીઓ પરથી ગોળીબાર કર્યો. પ્રાપ્ત માહિતી અનુસાર, ૫-૬ મે ૨૦૨૫ ની રાત્રે, પાકિસ્તાની સેનાએ જમ્મુ અને કાશ્મીરના કુપવાડા, બારામુલ્લા, પૂંછ, રાજૌરી, મેંધાર, નૌશેરા, સુંદરબની અને અખનૂરની આસપાસના વિસ્તારોમાં નિયંત્રણ રેખા પારની ચોકીઓ પરથી નાના હથિયારોનો વિના ઉશ્કેરણીપૂર્વક ગોળીબાર કર્યો. ભારતીય સેનાએ પણ પાકિસ્તાની સેનાને જડબાતોડ જવાબ આપ્યો.અગાઉ, સમાચાર આવ્યા હતા કે જમ્મુ અને કાશ્મીરના બડગામ જિલ્લામાં બે આતંકવાદી સાથીઓની હથિયારો અને દારૂગોળો સાથે ધરપકડ કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે ૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ વિરુદ્ધ સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ હુમલામાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા. શ્રીનગરની બહારના બુચપોરા શહેરમાં નાકા ચેકિંગ ઓપરેશન દરમિયાન આતંકવાદી સાથીઓની ધરપકડ કરવામાં આવી હતી. સુરક્ષા દળોએ તેના કબજામાંથી એક પિસ્તોલ, એક ગ્રેનેડ અને ૧૫ જીવંત કારતૂસ જપ્ત કર્યા.

ઉલ્લેખનીય છે કે પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારત એક્શન મોડમાં જોવા મળી રહ્યું છે. ભારતનું વલણ જોઈને, પાકિસ્તાન ગભરાઈ ગયું છે અને ભારત તરફથી હુમલાનો ખતરો જુએ છે.

એટલા માટે પાકિસ્તાન પોતાની નાપાક પ્રવૃત્તિઓ બંધ કરી રહ્યું નથી અને LoC પર સતત યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરી રહ્યું છે. ભારત હવે શું પગલાં લે છે તે જોવાનું બાકી છે.

# 'મુજસે શાદી કરોગી ૨'માં વરુણ અને કાર્તિક ફાઈનલ થઈ શકે

એજન્સી દ્વારા

મુંબઈ

સલમાન ખાન, અક્ષય કુમાર અને પ્રિયંકા ચોપરાની 'મુજસે શાદી કરોગી'ને કલ્ટ રોમેન્ટિક કોમેડી કહેવામાં આવે છે.



તાજેતરમાં આ ફિલ્મની સીક્વલ બનાવવાની કવાયત શરૂ થઈ છે. ૨૦ વર્ષ બાદ સીક્વલનું આયોજન થઈ રહ્યું હોવાથી અક્ષય અને સલમાનને રીપિટ કરવાની મેકર્સની ઈચ્છા ન હોતી. રિપોર્ટ્સ મુજબ, 'મુજસે શાદી કરોગી ૨'માં લીડ રોલ માટે વરુણ ધવન અને કાર્તિક આર્યન ફાઈનલ થઈ શકે છે. પ્રોડ્યુસર સાજિદ નડિયાદવાલા બે દાયકા પછી 'મુજસે શાદી કરોગી'ની સીક્વલ બનાવવાનું વિચાર્યું છે. તેઓ આગામી ફિલ્મમાં વર્તમાન સ્થિતિ મુજબની કોમેડી અને ધમાલ દર્શાવવા માગે છે. કાર્તિક આર્યન અને વરુણ ધવને નવી પેઢીના કોમેડી એક્ટર્સમાં મોખરાનું નામ મેળવ્યું છે. કોમિક ટાઈમિંગના કારણે આ બંને એક્ટર્સ સાજિદ નડિયાદવાલાની પહેલી ચોઈસ છે.

# ગુજરાતે એપ્રિલમાં ૧૪,૯૭૦ કરોડનો GST વસૂલ કર્યો




**(ગાંધીનગર માહિતી બ્યુરો)**
ગાંધીનગર

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના કુશળ માર્ગદર્શન હેઠળ વિકાસના રોલ મોડલ તરીકે સમગ્ર વિશ્વમાં પોતાની વિશિષ્ટ ઓળખ ઊભી કરનાર ગુજરાતે એકવાર ફરીથી આર્થિક મોરચે પોતાની તાકાત દર્શાવી છે. નાણાં મંત્રાલય તરફથી જારી કરાયેલા છેલ્લા સત્તાવાર આંકડા મુજબ, એપ્રિલ ૨૦૨૫માં ગુજરાતની GST વસૂલાત વાર્ષિક ધોરણે ૧૩ ટકાના ગ્રોથ સાથે ૧૪,૯૭૦ કરોડના રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ છે. આ માત્ર રાજ્યની મજબૂત બની રહેલી આર્થિક પ્રવૃત્તિઓને જ દર્શાવતું નથી, પણ રાજ્ય સરકારની વ્યવસાયો માટેની અનુકૂળ નીતિઓ અને કાર્યક્રમોની સફળતાનું પ્રતિબિંબ પણ છે. આ આંકડા ભારતના કુલ ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP)માં ગુજરાતના મહત્વપૂર્ણ યોગદાનને પણ દર્શાવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં 'વિકસિત ગુજરાત@૨૦૪૭'ના રોડમૅપ દ્વારા સ્વતંત્રતાની શતાબ્દી સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના વડાપ્રધાનના સંકલ્પને સાકાર કરવાની દિશામાં ગુજરાત આગળ વધી રહ્યું છે. 'ઈઝ ઑફ ડૂઈંગ બિઝનેસ'માં ટોપ અચીવર બનવાથી લઈને સ્ટાર્ટઅપ રેંકિંગમાં બેસ્ટ પર્ફોર્મરનો ખિતાબ પ્રાપ્ત કરનાર ગુજરાત આજે વૈશ્વિક વ્યાપાર પરિદશ્યમાં એક ચમકતો તારો બનીને ઉભરી આવ્યું છે.

એપ્રિલ ૨૦૨૫માં ગુજરાતનું GST કલેક્શન ૧૪,૯૭૦ કરોડ રહ્યું છે, જે એપ્રિલ ૨૦૨૪ના ૧૩,૩૦૧ કરોડની સરખામણીએ ૧૩ ટકાનો વધારો દર્શાવે છે. GST કલેક્શનના મામલે ગુજરાત મહારાષ્ટ્ર (૪૧,૬૪૫ કરોડ) અને કર્ણાટક (૧૭,૮૧૫ કરોડ) પછી દેશમાં ત્રીજા ક્રમે છે. જોકે, GST કલેક્શનના ગ્રોથની દ્રષ્ટિએ જોઈએ તો એપ્રિલ ૨૦૨૪માં મહારાષ્ટ્રનો ગ્રોથ ૧૩ ટકા હતો, જે એપ્રિલ ૨૦૨૫માં ઘટીને ૧૧ ટકા થયો છે. જ્યારે ગુજરાતે ૧૩ ટકાનો પોતાનો ગ્રોથ જાળવી રાખ્યો છે. એટલું જ નહીં, નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતે GSTમાંથી ૭૩,૨૮૧ કરોડ રૂપિયાની આવક પ્રાપ્ત કરી હતી, જે નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ના ૬૪,૧૩૩ કરોડની સરખામણીએ ૧૪ ટકાનો વધારો દર્શાવે છે. ગુજરાતે ૧૪,૯૭૦ કરોડનું રેકોર્ડ GST કલેક્શન કરીને તમિલનાડુ (૧૩,૮૩૧ કરોડ), મધ્યપ્રદેશ (૫,૩૦૨ કરોડ), પશ્ચિમ બંગાળ (૮,૧૮૮ કરોડ), રાજસ્થાન (૬,૨૨૮ કરોડ), ઉત્તરપ્રદેશ (?૧૩,૬૦૦ કરોડ), પંજાબ (૩,૧૦૪ કરોડ), હરિયાણા (૧૪,૦૫૭ કરોડ) અને બિહાર (૨,૨૯૦ કરોડ) જેવા અનેક રાજ્યો કરતા આગળ રહ્યું છે.

નાના અને કેન્દ્રશાસિત પ્રદેશોની વાત કરીએ તો, અરુણાચલ પ્રદેશમાં ૬૬ ટકા, નાગાલેન્ડમાં ૪૨ ટકા અને મેઘાલયમાં ૫૦ ટકાનો ગ્રોથ થયો છે, જ્યારે લક્ષદ્વીપે ૨૮૭ ટકાનો ગ્રોથ નોંધાવ્યો છે. રાષ્ટ્રીય સ્તરે ભારત સરકારે એપ્રિલ ૨૦૨૫માં ૨,૩૬,૭૧૬ કરોડની રેકોર્ડ GST આવક પ્રાપ્ત કરી છે, જે ગયા વર્ષની સમાન અવધિની સરખામણીએ ૧૨.૬ ટકા વધુ છે. આ રીતે ગુજરાતનો GST વસૂલાતનો ગ્રોથ રાષ્ટ્રીય સરેરાશથી પણ વધુ છે.

GST કલેક્શન દેશની આર્થિક તંદુરસ્તીનું એક મહત્વપૂર્ણ ઈન્ડીકેટર બની ગયું છે, જે સરકારની આવકમાં નોંધપાત્ર યોગદાન આપે છે. ગુજરાતે ઉદ્યોગો માટે અનુકૂળ નીતિ, ઈઝ ઑફ ડૂઈંગ બિઝનેસમાં ઝડપી સુધારા અને અસરકારક કર વસૂલાત પ્રણાલી ઉપરાંત ઘરેલું વપરાશ અને ઉત્પાદનમાં તેજી જેવી મજબૂત આર્થિક પ્રવૃત્તિઓના આધારે GST આવકમાં નવો રેકોર્ડ સ્થાપ્યો છે. આ દર્શાવે છે કે ગુજરાત 'વિકસિત ભારત'ના નિર્માણમાં યોગદાન આપવા માટે દઢ પ્રતિબદ્ધતાથી આગળ વધી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારે ભારતની કર પ્રણાલીને સરળ બનાવવા માટે ૧ જુલાઈ ૨૦૧૭થી માલ અને સેવા કર (GST) અમલમાં મુક્યો હતો. GST એ એક પરોક્ષ કર છે, જે ભારતમાં માલ અને સેવાઓના ઉત્પાદન, વેચાણ અને વપરાશ પર લાગુ થાય છે.

# મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત ૩૦ હજાર જેટલા બાળકોને ૧૬ કરોડથી વધુની સ્કોલરશીપ રકમ ચૂકવાશે

**(ગાંધીનગર માહિતી બ્યુરો)**
ગાંધીનગર

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા દર વર્ષે સમગ્ર રાજ્યમાં ધોરણ પાંચના વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવતી કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં આ વર્ષે સફળતા મેળવેલા ૨૦ હજાર કરતાં વધુ બાળકોની ૧૧૫ નિવાસી શાળાઓમાં પ્રવેશ માટેની ઓનલાઈન ફાળવણી પ્રક્રિયા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી સંપન્ન કરી હતી.

શિક્ષણ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર અને રાજ્યમંત્રી શ્રી પ્રફુલ પાનસેરીયા આ ઓનલાઈન ફાળવણી પ્રક્રિયા વેળાએ મુખ્યમંત્રીશ્રી સાથે ઉપસ્થિત રહ્યા હતા. રાજ્ય સરકાર દ્વારા વિકસાવવામાં આવેલા કોમન પોર્ટલના માધ્યમથી આ કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં ઉત્તીર્ણ થઈને મેરીટમાં સમાવિષ્ટ થયેલા વિદ્યાર્થીઓને વિવિધ યોજનાઓમાં પ્રવેશની ઉત્તમ તક પૂરી પાડવાનો અભિગમ શિક્ષણ વિભાગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અપનાવ્યો છે.

તદઅનુસાર, રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આ વર્ષે ૨૨ માર્ચે સમગ્ર રાજ્યમાં ધોરણ પાંચના વિદ્યાર્થીઓ માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ ઝઈ્માં સફળતા મેળવેલા ધોરણ પાંચના વિદ્યાર્થીઓને આગળના અભ્યાસ માટે ઓનલાઈન સ્કોલરશીપ અને નિવાસી શાળાની ફાળવણી કરી હતી.

આ ફાળવણી અંતર્ગત ૪૨ જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ્સ ઓફ એકસેલન્સમાં ૧૨,૪૫૦, ૧૩ સ્વામી વિવેકાનંદ ટ્રાયબલ જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ્સ ઓફ એકસેલન્સમાં ૩૯૦૦, ૧૦ રક્ષાશક્તિ સ્કૂલમાં ૭૦૦ અને ૨ સૈનિક સ્કુલ સહિત ૫૦ એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ્સ-ઈસ્ઈજીમાં ૩૦૨૦ વિદ્યાર્થીઓની પ્રવેશ માટે ફાળવણી મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આ ફાળવણી સાથે ૧૪,૫૯૫ કુમાર અને ૧૫,૪૦૫ કન્યાઓ મળીને કુલ ૩૦ હજાર વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી જ્ઞાનસેતુ સ્કોલરશીપ યોજના અન્વયે રૂપિયા ૧૬ કરોડથી વધુની રકમ ઢ્મ્ના માધ્યમથી ચૂકવવાની પ્રક્રિયા પણ કરવામાં હતી.

મુખ્યમંત્રી જ્ઞાનસેતુ સ્કોલરશીપ યોજના રાજ્યની સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓના વિદ્યાર્થીઓને ધોરણ ૬ થી ૧૨ સુધીનું શ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત થઈ શકે તે માટે આપવામાં આવે છે.

આ માટેની પરીક્ષામાં ઉમેદવારીની પ્રક્રિયા પણ ઓનલાઈન કરવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૨૦૨૫-૨૬ના વર્ષ માટે કુલ ૫૦,૦૭૦ જગ્યાઓ માટે વિદ્યાર્થીઓને નિવાસી શાળા અથવા સ્કોલરશીપની ઓનલાઈન ફાળવણી કરી તે પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા, આદિજાતિ વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી જે.પી. ગુપ્તા, શિક્ષણ અગ્ર સચિવ શ્રી મુકેશકુમાર, સમગ્ર શિક્ષા અભિયાનના પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી રંજીથ કુમાર અને શિક્ષણ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિઠલાપુરમાંથી હોન્ડાની વિદાય, મેગા ઈન્ડસ્ટ્રીયલ સિટીનો માર્ગ મોકળો બન્યો

પ્રતિનિધિ દ્વારા
વિઠલાપુર

વિઠલાપુર ઈન્ડસ્ટ્રિયલ લેન્ડસ્કેપને બદલી નાંખે તેવા એક મોટા સમાચાર આવ્યા છે જેમાં હોન્ડા કાર્સ ઈન્ડિયા લિમિટેડ (HCIL) અમદાવાદ નજીક તેની લાંબા સમયથી રાખેલી જમીન વેચી દીધી છે. જેના કારણે એક ઈન્ડિસ્ટ્રિયલ સિટીનો માર્ગ મોકળો બન્યો છે. રિપોર્ટ પ્રમાણે, કાર બનાવતી જાપાનની કંપની હોન્ડાએ તેનો ૩૮૦ એકરનો પ્લોટ અમદાવાદ સ્થિત મેસ્કોટ ગ્રુપને વેચી દીધો છે. મેસ્કોટ ગ્રુપ આ પ્લોટ પર હાઉસિંગ અને સિવિક એમેનિટિઝ સાથેનો એક સંપૂર્ણ ઈન્ડસ્ટ્રિયલ પાર્ક બનાવવાની યોજના ધરાવે છે.''''હોન્ડાએ ૨૦૧૬-૧૭માં આ પ્લોટ હસ્તગત કર્યો હતો અને તેના પર તે ભવિષ્યમાં પોતાના પ્રોડક્શનનું વિસ્તર કરવા ઈચ્છતી હતી. જોકે, રાજસ્થાન સ્થિત તેનો તારાપુકા પ્લાન્ટ વાર્ષિક ૧.૮ લાખ યુનિટની ક્ષમતા સાથે કાર્યરત છે, અને આ જ પ્લાન્ટમાં ભવિષ્યમાં ડેવલપમેન્ટની તક હોવાના કારણે કંપનીએ ગુજરાતમાં પોતાની પાસે રહેલી જમીનને મોનેટાઈઝ કરવાનો નિર્ણય લીધો છે. કંપનીએ જણાવ્યું હતું કે, જે જમીનનો ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે તે એપ્રિલ ૨૦૨૩માં વેચાઈ ગઈ હતી, અને કંપની પાસે તાપુકારા અને ગ્રેટર નોઈડામાં પૂરતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે. કંપનીએ તે પણ કહ્યું હતું કે, તેની પાસે ૨૦૩૦ સુધીનો સ્પષ્ટ પ્લાન છે અને ભારતીય માર્કેટ પ્રત્યે કંપની સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.''કંપનીએ ૨૦૨૩માં જે જમીનનું વેચાણ શરૂ કર્યું હતું તે હવે પૂરું થવા પર પહોંચી ગયું છે અને તેમાં થોડી ઔપચારિકતાઓ બાકી છે. મેસ્કોટ ગ્રુપ પાસે ઈન્ડસ્ટ્રિયલ અને લોજિસ્ટિક્સ ડેવલપમેન્ટનો બહોળો અનુભવ છે અને તે રાજ્યમાં પાંચ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક ધરાવે છે. હવે મેસ્કોટ ગ્રુપ તેના અત્યાર સુધીના સૌથી મહત્વાકાંક્ષી પ્રોજેક્ટને અમલમાં મૂકવા માટેની તૈયારી કરી રહ્યું છે. મેસ્કોટ ગ્રુપના ડિરેક્ટર સંજય પટેલે જણાવ્યું હતું કે, તેમનું ગ્રુપ પાંચ માળની ૩૧ બિલ્ડિંગ ધરાવતી ઈન્ડસ્ટ્રિયલ સિટી બનાવવા જઈ રહ્યું છે જેમાં ૧૨,૦૦૦ વર્કર્સ રહી શકશે.''સંજય પટેલે તે પણ જણાવ્યું હતું કે, વિવિધ કંપનીઓ તરફથી તેમને ઈન્ક્વાયરી પણ મળી રહી છે જે તેમાં પોતાનું સેટ અપ તૈયાર કરવાનું વિચારી રહી છે.

Printed, Published and Owned by SISODIYA VIJYABEN VARAJSINH and Printed at DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. and Published from "GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL